Letter No: ED/0128/03/2024 Dt: 05-03-2024

<u>નવી બાબત : ૨૦૨૪-૨૫</u>

**બિન-સરકારી અનુદાનિત કોલેજોને સરભર ગ્રાન્ટમાં પરચૂરણ ખર્ચ** અંગેની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ **ED/KOG/e-file/3/2023/5083/KH**
સચિવાલય, ગાંધીનગર.

નં. ક્ર..........
શાખા..........
07 MAR 2024
શિક્ષણ વિભાગ
નવા સચિવાલય, ગાંધીનગર

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) વિભાગનો ૧૫/૧૧/૧૯૮૯નો ઠરાવ ક્રમાંક:એનજીસી/૧૫૮૯/એમ-૧૦૨૬/ખ

(૨) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીનો તા.૧૬/૦૨/૨૦૨૪ના પત્ર:કગટ/સરભર ગ્રાન્ટ/ ૨૦૨૩-૨૪/૪૭૫-૭૬

<u>આમુખ -</u>

વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના ઠરાવથી ગુજરાત રાજ્યની કુલ ૩૫૬ બિન સરકારી અનુદાનિત વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને અધ્યાપન કોલેજોને સરભર ગ્રાન્ટ ચૂકવવામાં આવે છે. જે અંતર્ગત પરચૂરણ ખર્ચની અંદર કુલ-૨૩ પ્રકારના ખર્ચનો સમાવેશ થયેલ છે. આ પરચૂરણ ખર્ચ અંતર્ગત વિનયન અને વાણિજય વિદ્યાશાખા વાળી કોલેજો માટેના વિદ્યાર્થીદીઠ વાર્ષિક રૂ.૬૦/-, વિજ્ઞાન શાખાવાળી કોલેજના વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂ.૭૫/- ,શિક્ષણ કોલેજો (બી.એડ.) માટે રૂ.૩૦૦/-ની જોગવાઇ કરવામાં આવેલ છે. ઉક્ત દરોમાં સુધારાની જરૂરીયાત હોવાથી વિનયન અને વાણિજય વિદ્યાશાખાવાળી માટેના વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂ.૨૫૦/-, વિજ્ઞાન શાખાવાળી કોલેજના વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂ.૨૫૦/- અને શિક્ષણ કોલેજો (બી.એડ.) માટે રૂ.૪૦૦/-કરવા અને આ બાબતે નવી બાબત તરીકે થયેલ જોગવાઈ**રૂ.૧૦.૩૫ કરોડ** રકમનો ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવા વંચાણે લીધેલા ક્રમાંક: (૨) પરના પત્રથી ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીએ દરખાસ્ત કરી હતી જેને વહીવટી મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:-</u>

પુખ્ત વિચારણાને અંતે, વિભાગના તા.૧૫.૧૧.૧૯૮૯ના ઠરાવમાં પરચૂરણ ખર્ચ હેઠળ વિનયન અને વાણિજય વિદ્યાશાખાવાળી માટેના વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂ.૨૫૦/-, વિજ્ઞાન શાખાવાળી કોલેજના વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂ.૨૫૦/-અને શિક્ષણ કોલેજો (બી.એડ.) માટે રૂ.૪૦૦/-કરવા સને ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં કૂલ રૂ.૧૦.૩૫ કરોડની જોગવાઇ થયેલ હોઇ નીચે દર્શાવેલ શરતોને આધીન કુલ-<u>**રૂ.૧૦.૩૫ કરોડ/-**</u> નો ખર્ચ કરવા માટેની વહીવટી મંજુરી આપવામાં આવે છે.

<u>શરતો-</u>

1. આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી વિભાગે રાખવાની રહેશે.
2. આ યોજનાનો અમલ ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી, ગાંધીનગર મારફતે કરવાનો રહેશે.
3. પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.
4. ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.
5. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછીજ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.સાધન/ કીટની ગુણવતા સુનિશ્ચિત કરવાની રહેશે.
6. નાણાકિય સહાય નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી જ આપવાની રહેશે.
7. આ યોજનાને DBT Portal ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.
8. C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.
9. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
10. Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.
11. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.
12. કેન્દ્ર સહાયિત યોજનામાં ફંડ કેન્દ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે.
13. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.
14. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત

ફાળવવામાં આવતી ગ્રાટની મર્યાદામાં કરવાનો રહેશે.

15. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
16. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
17. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
18. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
19. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
20. સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

21. સદર વહીવટી મંજૂરી અન્વયેનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૪ પછી કરવાનો રહેશે.

૩. આ અંગેનો ખર્ચ નીચે દર્શાવ્યા મુજબના બજેટ સદર હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

| ક્રમ | યોજનાનું નામ | બજેટ સદર | વર્ષ ૨૦૨૪-૨૫માં થયેલ બજેટ જોગવાઈ (રૂ. કરોડમાં) |
|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ |
| ૧ | બિન-સરકારી અનુદાનિત કોલેજોને સરભર ગ્રાન્ટમાં પરચૂરણ ખર્ચ બાબત. | માંગણી નં.-૦૦૯<br>૨૨૦૨-૦૩-૧૦૪-૦૪ | રૂ. ૧૦.૩૫ |

૪. આ ઠરાવ સરકારશ્રીની ઈ-સરકાર એપ્લીકેશન ઉપર નાણા વિભાગની તા.૦૨/૦૩/૨૦૨૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હાર્દિક ભીલ)
**સેકશન અધિકારી**
શિક્ષણ વિભાગ.

પ્રતિ,
- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર-૩૮૨૦૧૦.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ-૩૮૦૦૦૯/રાજકોટ-૩૬૦૦૦૧.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- આચાર્યશ્રી, સંબંધિત કોલેજ (ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર મારફત).
- નાણા શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- બજેટ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ.
- ના.સે.અ.ની ફાઈલ
- આઈ.ટી.સેલ/શિક્ષણ વિભાગ